# શેઠશ્રી કેશવજીભાઈ ઉમરશીભાઈ છાડવાને હાર્દિક અભિનંદન



શેઠશ્રી કેશવજીભાઇ છાડવાને શ્રી નમિનાથ જિનાલય પાયધુની મધ્યે સબહુમાન 'જૈન શાસન રત્ન'નો એવોર્ડ એનાયત થયો તે પ્રસંગની યાદગાર તસ્વીર.

'ઉડતી હુઇ સૂરજ કી કિરને રોશની દે આપકો,
ખિલતી હુઇ કલિયા ખુશ્બુ દે આપકો;
હમ તો કુછ દેને કે કાબિલ નહિ,
ઉપરવાલા બડી ઉમ્ર દે આપકો !'

મુંબઇના ઇતિહાસમાં એક **'કચ્છી માડુ'** તરીકે પોતાની અપ્રતિમ સેવાથી સમાજ અને શાસનનું નામ રોશન કરનારા શ્રેષ્ઠિવર્ય **શ્રી કેશવજીભાઇ ઉંમરશીભાઇ છાડવા** (મોટી ખાખર) ને રવિવાર, તા. ૯-૧૨-૨૦૦૭ના રોજ પાયધુની સ્થિત શ્રી નમિનાથ જિનાલયના ઉપાશ્રયમાં **શ્રી જયંતભાઇ 'રાહી'** ની રાહબરી હેઠળ શ્રી નમિનાથ મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ, બૃહદ્ મુંબઇ પંચ પરમેષ્ઠિ પરિવાર, પંચ પરમેષ્ઠિ આરાધક મંડળો અને મુંબઇના અનેક સંઘોના અગ્રણીઓની પ્રેરક ઉપસ્થિતિ વચ્ચે તેઓને સાદર, સબહુમાન **'જૈન શાસન રત્ન'** નો એવોર્ડ અર્પણ કરાયો તે ઘટના જૈન ઇતિહાસમાં એક સુવર્ણ પ્રકરણ તરીકે આલેખાશે. શ્રેષ્ઠિવર્ય **શ્રી કેશવજીભાઇ છાડવા** ને મળેલ આ અપૂર્વ સિદ્ધિ બદલ અમે તેમને હાર્દિક અભિનંદન અને ધન્યવાદ પાઠવતા આનંદ વિભોર બનીએ છીએ.

- શ્રી ઋષભદેવ જૈન ટેમ્પલ એન્ડ સાધારણ ખાતા ટ્રસ્ટ-ચેમ્બુર તીર્થ.
- શાહ એન્ડ એન્કર કચ્છી પોલિટેકનિક કોલેજ-ચેમ્બુર.
- શાહ એન્ડ એન્કર કચ્છી એન્જિનિયરીંગ કોલેજ-ચેમ્બુર.
- ભાવના ટ્રસ્ટ-ચેમ્બુર સંચાલિત ગુજરાતી-અંગ્રેજી માધ્યમની હાઇસ્કૂલ તથા આર્ટસ્-કોમર્સ-સાયન્સ કોલેજ.
- શ્રી શાંતિનાથજી જૈન દેરાસર ટ્રસ્ટ-દેવલાલી.
- શ્રી અભિનંદનસ્વામી જૈન દેરાસર ટ્રસ્ટ-કલવા.
- શ્રી મોટીખાખર જૈન મહાજન-મુંબઇ.
- ધ રીટેલ ટ્રાન્સપોર્ટ ઓનર્સ એસોસિયેશન-નવી મુંબઇ.
- કુર્લા મેડિકલ વેલફેર સેન્ટર સંચાલિત રામ અગરવાલ આઇ હોસ્પિટલ એન્ડ પેથોલોજી સેન્ટર.
- મીશ્રીલાલ પરિહાર મેમોરીયલ વેલફેર સેન્ટર સંચાલિત વસંતદાદા પાટીલ હોસ્પિટલ.
- મુંબઇ ગ્રેન ડીલર્સ એસોસિયેશન-મુંબઇ.
- શ્રી નમિનાથ મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ-પાયધુની.
- શ્રી ક.વિ.ઓ. દેરાવાસી જૈન મહાજન-મુંબઇ.
- શ્રી પાર્શ્વચંદ્ર ગચ્છ જૈન સંઘ-મુંબઇ.
- શ્રી પાર્શ્વચંદ્રગચ્છ જૈન ટ્રસ્ટ-પાલિતાણા.
- શ્રી પાર્શ્વચંદ્રસૂરિ ગુરુ મંદિર ટ્રસ્ટ-શંખેશ્વર તીર્થ.
- શ્રી પ્રતાપસૂરિ સ્મૃતિધામ-સાતીવલી.
- જૈન જાગૃતિ સેન્ટર-ચેમ્બુર.
- બૃહદ્ મુંબઇ પંચ પરમેષ્ઠિ પરિવાર.
- બૃહદ્ મુંબઇ પંચ પરમેષ્ઠિ પરિવાર (મહિલા વિભાગ).
- શ્રી પંચ પરમેષ્ઠિ આરાધક મંડળ-ચેમ્બુર.
- શ્રી પંચ પરમેષ્ઠિ મહિલા મંડળ-ચેમ્બુર.
- કચ્છી જૈન મંડળ-ચેમ્બુર.
- કચ્છી જૈન મંડળ (મહિલા વિભાગ)-ચેમ્બુર.
- શ્રી આત્માનંદ જૈન સભા મુંબઇ
- કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદ

' શ્રી સિમંધર સાહિબા, અરજ કરું કર જોડ;
જીહાં લગી શશી-સૂરજ તપે, વંદના હમારી હોય.'



મુંબઈ મહાનગરમાં મઝગાંવ મધ્યે શ્રી ચૈત્ય ટાવર પરિસરના
ભવ્ય જિનાલયમાં બિરાજમાન

## શ્રી સિમંધરસ્વામી પરમાત્મા

અહો ! સ્વામી સિમંધર, અરિહંતા જિનેશ્વર;
વર્તમાને ઉપકારી, અચર-સચર દેરાસર.

# ચૈત્ય ટાવરના જિનાલયના દર્શનાર્થે પધારો...





શ્રી દલપતભાઇ મલ્લેશા



શ્રીમતી ઝવેરબેન મલ્લેશા

**મઝગાંવના ચૈત્ય ટાવરનું બેનમૂન શ્રી સિમંધરસ્વામીનું જિનાલય અને સ્વદ્રવ્યથી તેનું નિર્માણ કરાવનાર મલ્લેશા પરિવારના શ્રી દલપતભાઇ પુખરાજજી મલ્લેશા અને તેમના ધર્મપત્ની ઝવેરબેન...**

**શ્રી દલપતભાઇ પુખરાજજી મલ્લેશા** રાજસ્થાનના ખીવાન્દી ગામના વતની છે. અને હાલ મુંબઇમાં દાદર (પૂર્વ)ની હિન્દુ કોલોની સ્થિત શ્રેશ હાઉસમાં રહે છે. તેઓ C.A., L.L.B., I.C.W.A થયેલા છે. અને હાલ બિલ્ડીંગ કન્સ્ટ્રકશનના વ્યવસાયમાં અગ્રેસર છે. તેમના **ધર્મપત્ની ઝવેરબેન** પણ ધર્મભક્તિ પરાયણ સન્નારી છે. તેમને તપાગચ્છના સમર્થ જૈનાચાર્ય **શ્રી દર્શનસાગરસૂરીશ્વરજી મ.સા.**, અચલગચ્છાધિપતિ **પૂ.આ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.** તથા દાદા ભગવાનના પ્રગટ જ્ઞાની પુરુષ **પૂ. કનુદાદા**ની પરમ કૃપા પ્રાપ્ત થઇ છે.

**દલપતભાઇ મલ્લેશા**એ એક સંકલ્પ કર્યો હતો કે મુંબઇમાં મારે એક દેવવિમાન જેવું સુંદર, કલાત્મક જિનમંદિરનું નિર્માણ કરવું. તેમના ધર્મપત્ની **ઝવેરબેન**નો પણ તેમને આ પુણ્યકાર્યમાં પૂરો સાથ મળ્યો અને આ મહાન સંકલ્પ પૂરો કરવાની તક પણ તેમને અનાયાસ સાંપડી દલપતભાઇ પાસે મઝગાંવનું Land Development નું કાર્ય આવ્યું. તેમણે મઝગાંવની આ જગ્યા પર ચૈત્ય ટાવરનું નિર્માણ કરી આપવાનું હતું. મઝગાંવની આ ભૂમિના માલિકો સામે તેમણે શરત મૂકી કે **આ કાર્ય હું જરૂર પૂર્ણ કરી આપું પણ આ પરિસરમાં મને અહીં મારા સ્વદ્રવ્યથી એક સુંદર જિનાલય નિર્માણ કરવાની રજા આપો તો.** ચૈત્ય ટાવરની આ ભૂમિના માલિકો જૈન જ હતા. તેમણે **દલપતભાઇ**ની આવી ઉચ્ચ ભાવનાને સહર્ષ સંમતિ આપી. અને આમ મઝગાંવની પવિત્ર ધરા પર ચૈત્ય ટાવરના પરિસરમાં **શ્રી સિમંધરસ્વામીનું ભવ્ય જિનાલય** નિર્માણ કરવાનું તેમનું સ્વપ્ન સાકાર થઇ શક્યું. તેનો આનંદ આજે પણ **દલપતભાઇ** અને **ઝવેરબેન**ના મુખારવિંદ પર જોવા મળે છે.

આ જિનાલય સંપૂર્ણ રીતે તૈયાર થતાં તેની ભવ્ય પ્રતિષ્ઠા સં. ૨૦૬૨ના કારતક વદ-૧૧ ને રવિવાર, તા. ૨૭-૧૧-૨૦૦૫ના આનંદોલ્લાસ અને ધામધૂમપૂર્વક કરવામાં આવી છે. અનેક રીતે વિરલ અને વિશિષ્ટ એવા આ જિનાલયને આજે ત્રણ વર્ષ પૂર્ણ થયા છે. આ જિનમંદિર મુંબઇનું એક **બેનમૂન જિનમંદિર** બની ગયું છે. મૂળનાયક **શ્રી સીમંધરસ્વામી પરમાત્મા**ની તેજસ્વી પ્રતિમા ભક્તજનોમાં ભક્તિ ભાવનાની ભારે આહ્લાદ જગાવે તેવી અતિ પ્રભાવક છે. અને એથી જ મુંબઇ અને તેના ઉપનગરના ભાવિકો સારી એવી સંખ્યામાં અહીં દર્શનાર્થે પધારી કૃતાર્થ થાય છે. આ જિનાલયમાં પ્રતિષ્ઠા દિનથી આજ સુધી અનેકવાર અહીં અમી ઝર્યા છે, અમી વર્ષા થઇ છે. અસંખ્ય લોકોએ આ ચમત્કાર નજરે નિહાળ્યો છે. આમ મઝગાંવના ચૈત્ય ટાવરના શ્રી સિમંધરસ્વામીના આ જિનાલયનો મહિમા દિવસે દિવસે વધતો રહ્યો છે. આપ સૌ પણ આ બેનમૂન જિનાલયના દર્શનાર્થે પધારો એવું મલ્લેશા પરિવારનું હાર્દિક નિમંત્રણ છે.

# સાદર સમર્પણ



અનેક ધાર્મિક, સામાજિક, શૈક્ષણિક સંસ્થાઓમાં અપૂર્વ યોગદાન આપનારા

જૈન શાસન રત્ન શ્રીમાન શ્રેષ્ઠિવર્ય

**શ્રી કેશવજીભાઇ ઉમરશી છાડવાને**

આ 'નવકાર પ્રભાવ' ગ્રંથ અર્પણ કરતાં હું અત્યંત આનંદ સાથે ગૌરવ અનુભવું છું.

—ચીમનલાલ કલાધર